***<u>મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>ફોજદારી કેસ નં–૧૭૩૨/૨૦૨૫.</u>**

સરકારશ્રી.

***.....ફરીયાદી.***

**વિરૂદ્ધ**

(૧) અજયભાઈ કાળુભાઈ પરમાર(**CRPC-258**).
(૨) ઘુઘાભાઈ તુલશીભાઈ પરમાર.
(૩) ગોરધનભાઈ મોહનભાઈ પરમાર.

***.....આરોપીઓ.***

***ગુનો :–<u>જુગાર ધારાની કલમ–૧૨ અન્વયે.....</u>***

**<u>–: ચુકાદો :–</u>**

(૧) સદર કામે ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીઓ બનાવ સમયે અને સ્થળે, જાહેરમાં, પૈસા–પાના વતી જુગાર રમી–રમાડી, મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, જુગાર ધારાની કલમ–૧૨ મુજબ ગુનો કર્યાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમા રજુ થયેલ. આ કામના આરોપી નં.–૧ સામે હાલનો કેસ સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે ફેંસલ કરવામાં આવેલ છે. વધુમાં, આરોપી નં.–૨ તથા ૩ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તેમજ આરોપીની પ્લી નોંધતા, આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરી, મુદ્દામાલ નો–કલેઈમ પુરસીસ રજુ રાખી, ગુના કબુલાત પુરસીસ આપેલ છે. તેઓને ગુનો કબુલ મંજુર છે અને રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ગના કુટુંબ–કબીલાવાળા માણસ છે અને મજુરી કામ કરીને માંડ–માંડ કુટુંબનું ભરણપોષણ કરે છે જેથી, દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં, ગુનો સ્વેચ્છાએ કબુલ–મંજુર હોઈ, ગુના કબુલાત પુરસીસ તથા અન્ય રજુઆતો ધ્યાને લેતા, આરોપીઓને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. વધુમાં, આરોપીઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા

હોય, આરોપીઓ કુટુંબના આધાર હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો, કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉભો થાય જેથી, આરોપીએ ગુના સબબ પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતો હોય તેથી, કેસના સંજોગો ગુનાનો પ્રકાર અને કરવામાં આવેલી રજુઆતો તેમજ ***નામ. ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર., પાના નં.–૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરીચન્દજી ઠાકોર***ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતો ધ્યાને લેતા, આરોપીને કાયદામાં દર્શાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સર્યો ગણાય જેથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** આરોપી નં.–૨ તથા ૩નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૫ મુજબ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી, દરેક આરોપીને રૂ.૧૦૦/–લેખે કુલ રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા)નો દંડ અને જો દંડ ના ભરે તો, દરેક આરોપીને દિન–૫ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ, નાશ કરવાનો તેમજ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૪, માહે–માર્ચ સને/૨૦૨૬ના રોજ લોક–અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.

પાવતી નં.–...............
કુલ રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા)
તા.૧૪/૩/૨૦૨૬.

સુપરિન્ટેન્ડેન્ટ,
જ્યુડિ.મેજિ.ફ.ક. કોર્ટ–તળાજા.